# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-02-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે અમદાવાદના સાણંદની મુલાકાત લેશે અને માઇક્રોન ટેકનોલોજીની અત્યાધુનિક સેમિકન્ડક્ટર ATMP સુવિધાનું ઉદ્ઘાટન કરશે. આ સીમાચિહ્નરૂપ ઘટના પ્રથમ મેડ-ઇન-ઇન્ડિયા સેમિકન્ડક્ટર મેમરી મોડ્યુલ્સના વાણિજ્યિક ઉત્પાદન અને શિપમેન્ટની સત્તાવાર શરૂઆત દર્શાવે છે. આ પ્રસંગે કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવ પણ હાજર રહેશે. સાંભળીએ એક અહેવાલ..

(VOICECAST – APARNA KHUNT)

*(22, 500 કરોડ રૂપિયાથી વધુના કુલ રોકાણ સાથેનો આ પ્રોજેક્ટ, ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ મંજૂર કરાયેલ પહેલો પ્રસ્તાવ છે. સપ્ટેમ્બર ૨૦૨૩માં જેનું ભૂમિપૂજન થયું હતું, તે પ્રોજેક્ટ હવે વિશ્વભરના બજારો માટે અદ્યતન ડ્રૈમ (DRAM) અને નેન્ડ (NAND) વેફર્સને તૈયાર ઉત્પદનોમાં ફેરવવા માટે સજ્જ છે. આ સુવિધાનું મુખ્ય આકર્ષણ તેનું આશરે ૫ લાખ ચોરસ ફૂટનું ક્લીનરૂમ સ્પેસ છે, જે તેને વિશ્વના સૌથી મોટા રેઝ્ડ-ફ્લોર ક્લીનરૂમ્સમાં સ્થાન અપાવે છે. પ્રથમ સ્વદેશી મેમરી મોડ્યુલ્સના વ્યાવસાયિક શિપમેન્ટની શરૂઆત સાથે, ભારત સેમિકન્ડક્ટર ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ એક નિર્ણાયક પગલું ભરી રહ્યું છે.)*

*અપર્ણા ખુંટ // આકાશવાણી સમાચાર // અમદાવાદ*

. . . . . . . . . . . .

# REV. PM RAJASTHAN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના અજમેરથી 14 વર્ષની ઉંમરની દીકરીઓ માટે હ્યુમન પેપિલોમાવાયરસ HPV રસીકરણ અભિયાનનો દેશવ્યાપી પ્રારંભ કરાવ્યો. આ પહેલનો હેતુ સર્વાઇકલ કેન્સરને રોકવાનો છે, જે સ્ત્રીઓમાં કેન્સર સંબંધિત બીમારીના મુખ્ય કારણોમાંનું એક છે.

(BYTE – PM – MODI HPV VACCINATION)

દેશભરની દીકરીઓ અને મહિલાઓના લાંબા ગાળાના આરોગ્યને સુરક્ષિત રાખવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે. પ્રધાનમંત્રીની ઉપસ્થિતિમાં પાંચ દીકરીઓને HPV રસી આપીને આ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . .

# MAHIDA - VIDHANSABHA

રાજ્યના ગ્રામીણ નાગરિકોને પંચાયત વિભાગની વિવિધ યોજનાઓનો સીધો લાભ આપવા રાજય સરકાર કટિબદ્ધ છે. વિધાનસભામાં 'તીર્થગામ' અને 'પાવનગામ' યોજનાઓ અંગે પૂછાયેલા

પ્રશ્નના જવાબમાં પંચાયત રાજ્ય મંત્રી સંજયસિંહ મહીડાએ માહિતી આપતા જણાવ્યું હતું કે,  જે ગામમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન અકસ્માત સિવાયનો કોઈ ગુનો નોંધાયો ન હોય તેને 'તીર્થગામ' જાહેર કરવામાં આવે છે. અને જે ગામમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન અકસ્માત સિવાયનો કોઈ ગુનો નોંધાયો ન હોય તેને 'પાવનગામ' તરીકે પસંદ કરવામાં આવે છે.

ગામમાં અસ્પૃશ્યતા નિવારણ, ૧૦૦ ટકા શાળા પ્રવેશ, સ્વચ્છતા, અને દારૂબંધી જેવા સામાજિક માપદંડોનું પાલન થવું અનિવાર્ય છે. વર્ષ ૨૦૧૨ના સુધારા મુજબ, આ યોજનાના લાભ માટે સામાન્ય ગામોએ ૧૦૦ માંથી લઘુત્તમ ૭૦ ગુણ અને આદિવાસી ગામોએ લઘુત્તમ ૬૦ ગુણ મેળવવાના રહે છે. શ્રી મહિડાએ રાજકોટ જિલ્લાના આંકડા આપતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૬ અને વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૧૧ ગામોની પસંદગી કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# SURAT AAG

સુરતના કામેલા દરવાજા ખાતે આવેલ મિલિનિયમ એક બજારમાં આગની ઘટના સામે આવી છે. એક દુકાનમાં આગ લાગતા ફાયરની 10 જેટલી ગાડીઓ ઘટના સ્થળે પહોંચી છે. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું ફાયર અધિકારીએ જણાવ્યું હતું.

**(BYTE- F.J.GADHAVI, FIRE OFFICER)**

. . . . . . . . . . . . .

# MEHSANA BUDGET

મહેસાણા જિલ્લા પંચાયતનું બે હજાર 454 કરોડ રૂપિયાનું અંદાજપત્ર આજે રજૂ કરાયું. જેમાંપંચાયત, શિક્ષણ, આરોગ્ય, ખેતીવાડી, બાંધકામ, પશુપાલન, સિંચાઈ અને પોષણ જેવી તમામ આવશ્યક બાબતોનો સમાવેશ કરાયો. અંદાજપત્રમાં વર્ષ 2026-27માં જિલ્લા પંચાયતના સ્વંભંડોળ માટે 48 કરોડ 50 લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી. ગ્રામ વિકાસ માટે 10 કરોડ, શિક્ષણ ક્ષેત્રે 2 કરોડ, જાહેર બાંધકામ માટે 3 કરોડ રૂપિયાની જોગવાઈ કરાઇ છે.

. . . . . . . . . . . . .

# RAJKOT STOPPAGE

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનના લાખાબાવળ રેલવે સ્ટેશન પર રદ કરાયેલા તમામ સ્ટોપેજ તાત્કાલિક અસરથી ફરીથી શરૂ કરાયા છે. નવા ફૂટ ઓવર બ્રિજના નિર્માણ કાર્યને કારણે આ તમામ સ્ટોપેજ કામચલાઉ ધોરણે રદ કરાયા હતા. એન્જિનિયરિંગ કન્સ્ટ્રક્શન વિભાગ દ્વારા લાખાબાવળ સ્ટેશન પર બંને પ્લેટફોર્મ તથા ફૂટ ઓવર બ્રિજનું કાર્ય પૂર્ણ કરી તેને સંચાલન માટે સોંપવામાં આવતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . .